અપીલ અરજી નં.૪૪૩ તા.૩૦–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કેતન જી. શુકલ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેતન જી. શુકલની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.સ્કીમ નં.૧૩, રે.સ.નં.૩૩૫/૨ પૈકી સબ પ્લોટ નં. ૪૨ પર બાંધકામ સંદર્ભે મનપા ધ્વારા મંજુર લે–આઉટ પ્લાનની નકલ (૨) ટી.પી.સ્કીમ નં. ૧૪, ફા.પ્લોટ નં.૧૭,પ્રમુખ ચેમ્બર્સવાળી મિલકતમાં અનધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવા સાથે કુલ કેટલા માળના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તેની વિગત દર્શાવતા પ્લાનની નકલ વિ.મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૪૩/૨૦૧૧–૧૨

શ્રી કેતન જી. શુકલની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧ ) ટી.પી.સ્કીમ નં.૧૩, રે.સ.નં.૩૩૫/૨ પૈકી સબ પ્લોટ નં.૪૨ પર બાંધકામ સંદર્ભે મનપા ધ્વારા મંજુર લે–આઉટ પ્લાનની નકલ (૨) ટી.પી.સ્કીમ નં. ૧૪, ફા. પ્લોટ નં. ૧૭, પ્રમુખ ચેમ્બર્સવાળી મિલકતમાં અનધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવા સાથે કુલ કેટલા માળના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તેની વિગત દર્શાવતા પ્લાનની નકલ વિ.મુદ્દા નં.(૧) થી (૫) ની માહિતી આપવા બાબતે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૩૦ તા.૧૪–૧૨–૧૧ થી** ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)તથા અરજદારને તેમને મળેલ પ્રતિભાવની નકલ રજૂ કરવા સાથે મુદ્દાવાર નારાજગીની વિગતો આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૪૨ તા.૧૯–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૨૩ તા.૪–૧૧–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આ.નં.૭૨૪ તા.૪–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૨–૧૦–૧૧ ની અરજીથી રાંદેરઝોન વિસ્તારની જુદી જુદી પાંચ મિલ્કતો બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૫ અંશતઃ અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૨૩ તા.૪–૧૧–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને નિયત સમય અવધિ બાદ વિલંબથી તબદીલ કરવામાં આવેલ તથા મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૭૨૪ તા.૪–૧૧–૧૧ થી સમય અવધિમાં અરજદારને આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. (૧ ) ટી.પી.સ્કીમ નં.૧૩, રે.સ.નં.૩૩૫/૨ પૈકી સબ પ્લોટ નં.૪૨ પર બાંધકામ સંદર્ભે મનપા ધ્વારા મંજુર લે–આઉટ પ્લાનની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટી.પી. સ્કીમ નં.૧૩ (અડાજણ), રે.સ. નં.૩૩૫/૨ પૈકી નો લે આઉટ પ્લાન તા.૨૮–૬–૮૩ થી મંજુર કરેલ છે. જે પ્લાનની નકલના રૂા.૧૪૦/– રાંદેરઝોનની કચેરીએ ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૨) ટી.પી.સ્કીમ નં. ૧૪, ફા.પ્લોટ નં. ૧૭, પ્રમુખ ચેમ્બર્સવાળી મિલકતમાં અનધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવા સાથે કુલ કેટલા માળના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તેની વિગત દર્શાવતા પ્લાનની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ આ મિલ્કતમાં બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફલોર, પ્રથમ માળથી ત્રીજા માળ સુધીની

ઈમ્પેકટ ફી લેવામાં આવેલ છે. જેના પ્લાનની નકલ રૂા.૩૨૦/– કચેરીએ ભર્યેથી નકલ મળી શકશે. તેવું જણાવેલ છે. ના મુદૃા નં.(૩) ટી.પી. સ્કીમ નં.૧૩ , ફા.પ્લોટ નં.૧૨૧ રે.સ. નં.૨૩૧ , સબ પ્લોટ નં.૧૮ (નીલકમલ સોસા.) અનધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવા સામે કુલ મંજુર બાંધકામની વિગત દર્શાવતી માહિતી અથવા પ્લાનની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટી.પી. સ્કીમ નં.૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં.૧૨૧ , રે.સ. નં.૨૩૧, સબ પ્લોટ નં.૧ (નીલ કમલ સોસાયટી) ના અનધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવાના ગુજરાત સરકારશ્રીના કાયદા મુજબ રૂા.૧,૭ ૪,૩૪૭/– ફી ભરેલ છે તેમજ સર્ટીફીકેટ ઓફ રેગ્યુલેરાઈઝેશન પત્ર આ.નં.૧૨૬૦ તા.૧૧–૧–૦૭ થી આપેલ છે જેની નકલના રૂા.૨/– તેમજ પ્લાનની નકલના રૂા.૫૦/– વેસ્ટઝોન કચેરીએ ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદૃા નં.(૪) મુદૃા નં.૧ થી ૩ હેઠળની સોસાયટી/મિલ્કતમાં અન્ય બિન અધિકૃત બાંધકામ સંદર્ભે મનપાને લેખિત/ મૌખિક જાણ કરાઈ હોય અથવા આ સંદર્ભે પાલિકા ધ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરાઈ હોય તો તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કોઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી. તેવું જણાવેલ છે. મુદૃા નં.(૫) રાંદેરઝોન હેઠળના મુખ્ય માર્ગો પર સ્થિત દુકાનો, શો રૂમ સહિતની મિલ્કતમાં વિકાસ પરવાનગી આપ્યા બાદ ડી.સી.આર. ની જોગવાઈ મુજબ કોમર્શીયલ હેતુસરના વિઝીટર પાર્કીંગની જગ્યામાં દબાણો અથવા રોડ લેવલ વિઝીટર પાર્કીગના નિયમના ઉલ્લંઘન બદલ કાર્યવાહી હાથ ધરાઈ હોય તો તેની વિગત દર્શાવતી માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેરઝોન હેઠળના મુખ્ય માર્ગો પર સ્થિત દુકાનો, શો રૂમ, સહિતની મિલ્કતમાં વિકાસ પરવાનગી આપ્યા બાદ ડી.સી.આર ની જોગવાઈ મુજબ કોમર્શીયલ હેતુસરના વિઝીટર પાર્કીગ અથવા રોડ લેવલ વિઝીટર પાર્કીગના નિયમના ઉલ્લંઘન બાદ રાંદેરઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩૦–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ટીપી નં.૧૩ (અડાજણ) રે.સ. નં.૩૩૫/૨ પૈકી સબ પ્લોટ નં.૪૨ પર બાંધકામ માટે રીવાઈઝ પ્લાનની નકલ મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અત્રેથી મળેલા પ્રતિભાવ બાબતે મુદૃા વાઈઝ નારાજગી આધારસહ રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ તે અંગે અરજદાર કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. વધુમાં અરજદારે અપીલ અરજીમાં મુદૃા નં.૧ માં ટીપી નં.૧૩ (અડાજણ) રે.સ. નં.૩૩૫/૨ પૈકી સબ પ્લોટ નં.૪૨ પર બાંધકામ સંદર્ભે મનપા ધ્વારા મંજુર લે આઉટ પ્લાનની નકલની માંગણી કરેલ છે જે અરજદારે રસીદ નં.૯૮૫૭૩ તા.૧૮–૧૧–૧૧ ના રોજ મુદૃા નં.૧અને ૩ ની માહિતી માટે રૂા.૧૯૨/'– ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. જયારે અપીલમાં સદર મિલ્કત ટીપી નં.૧૩ (અડાજણ) રે.સ. નં.૩૩૫/૨ પૈકી રીવાઈઝ પ્લાનની નકલની માંગણી કરેલ છે જે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદી માંગણી કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબ ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્નો અંગે આરટીઆઈના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી કેતન જી. શુકલ,